<u>ખુબ જ અગત્યનું</u>
ક્રમાંક: સ્ટેમ્પ–મલત–૯૭–૨૦૦૭– /૫૯૪૨

સુપ્રિ. ઓફ સ્ટેમ્પસની કચેરી,
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
સેકટર–૧૩–સી, ખ રોડ,
ગાંધીનગર,
તા. ૬ –૯–૦૭

વંચાણમાં લીધુ:– (૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના તા. ૨૭/૮/૨૦૦૭ના ઠરાવ ક્રમાંક: જીએચએમ/ ૨૦૦૭/ ૫૩/ એમ /એસટીપી/ ૧૦૨૦૦૭ / ૨૨૫/ હ ૧
(૨) અત્રેની કચેરીના તા. ૧૨/૧૨/૦૬ના પરિપત્ર ક્રમાંક: સ્ટેમ્પ /તપાસણી/૧૦૦/ ૦૬/ ૧૧૫૧૨

<u>પરિપત્ર:–</u>

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ની કલમ–૩૨–ક અન્વયેના બાકી વસુલાત વાળા દસ્તાવેજોમાં રાજય સરકાર ધ્વારા તા. ૧/૯/૨૦૦૭થી તા. ૩૧/૧૦/૨૦૦૭ ના સમયગાળા માટે એમ્નેસ્ટી યોજના જાહેર કરવામાં આવેલ છે. સદર યોજનાના અમલીકરણ તથા પરીણામલક્ષી બનાવવા સારુ અત્રેના ઉકત સંદર્ભ (૧) તથા (૨)ના પરીપત્રથી વિગતે માર્ગદર્શન / સુચનાઓ આપવામાં આવેલ છે.

સદર યોજના હેઠળ પક્ષકાર ધ્વારા ભરવાપાત્ર થતી સ્ટેમ્પ ડયુટી તથા દંડની રકમ સાથે અત્રેના તા.૧૨/૧૨/૦૬ ના પરીપત્રથી આપેલ સુચના મુજબ બાકી વસુલાતની રકમ ઉપર ગુજરાત જમીન મહેસુલ નિયમો ૧૯૭૨ ના નિયમ–૧૧૭ અન્વયેનો ૫% સર્વિસ ચાર્જ વસુલ લેવાનો થાય છે કે કેમ ? તે બાબતે સ્પષ્ટતા કરતાં જણાવવાનું કે, જે દસ્તાવેજ સંબધમાં મુંબઈ લેન્ડ રેવન્યુ કોર્ડ ૧૮૭૯ હેઠળની વસુલાતની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હોય તેવા દસ્તાવેજો સંબધમાં નાયબ કલેકટરશ્રીના હુકમ મુજબની ખુટતી ડયુટીની રકમ તથા રૂા. ૨૫૦/– દંડ મળી કુલ રકમ ઉપર( ઉદા. તરીકે નાયબ કલેકરટશ્રીના હુકમ મુજબ ખુટતી ડયુટી રૂા.૧૦,૦૦૦/– + રૂા.૨૫૦ દંડ માટે કુલ રૂા.૧૦.૨૫૦/– ઉપર ૫% પ્રમાણે સર્વિસ ચાર્જ રૂા. ૫૧૩/– પુરા ) સર્વિસ ચાર્જ વસુલ લેવાનો થશે. જે દસ્તાવેજ સંબંધમાં મુંબઈ લેન્ડ રેવન્યુ કોડ ૧૮૭૯ હેઠળની વસુલાતની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ ન હોય તેવા દસ્તાવેજો સંબધમાં સર્વિસ ચાર્જ વસુલ કરવાનો રહેશે નહી.

(૨) વધુમાં જણાવવાનું કે, એમ્નેસ્ટી યોજના હેઠળ વસુલાત કરેલ કેસો સંબંધની તમામ માહીતી સામેલ પત્રક સ્વરૂપે અત્રેની કચેરી એ દર પખવાડિયા મુજબ મોકલી આપવા પણ જણાવવામાં આવે છે.

(૩) અત્રેની કચેરીના તા. ૨૯/૮/૦૭ના એમ્નેસ્ટી યોજના ના પરિપત્ર ક્રમાંકઃ સ્ટેમ્પ /કયદ/૬૪/૦૬/ ૫૬૯૬માં આ યોજનાને બહોળી પ્રસિધ્ધી મળે તેવું આયોજન કરવા સુચના આપવામાં આવેલ છે, જેમાં અનુક્રમ નંબર–૨ ના ફકરામાં પ્રસારણ માધ્યમોમાં જાહેરાત આપવાની રહેશે, તેમાં સ્થાનિક વર્તમાન પત્રોમાં વિના મુલ્યે આવી જાહેરાતો (અખબાર યાદી) પ્રસિધ્ધ થાય તેનું અચુક ધ્યાન રાખવા અને તે મુજબ આયોજન કરવા સુચના આપવામાં આવે છે.

નોંધ ઉપર સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સશ્રીના આદેશાનુસાર

નાયબ સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સ
ગુજરાત રાજય, ગાંધીનગર.

બિડાણઃ– પત્રક –૧ અને ૨.

પ્રતિ,
શ્રી.......................
નાયબ કલેકટર,
સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર,
જી.......................

MLT

## એમ્નેસ્ટી સ્કીમ–૨૦૦૭ અન્વયે નિકાલ થયેલ કેસની વિગત દર્શાવતુ પત્રક–૧

(તા.૧/૪/૨૦૦૦ પહેલાના)

(પખવાડિક અંતિત)તા.૧/૯/૦૭ થી તા.૧૫/૯/૦૭ સુધી

| કેસની વિગત | કેસની સંખ્યા | હુકમ મુજબની વસુલાતની કુલ રકમ | ૭૦% મુજબ માફિની રકમ | ૩૦% વસુલાતની રકમ (દંડ સહીત) | નિયમ–૯ નો દંડ | વસુલ કરેલ ૫% સર્વિસ ચાર્જ ની રકમ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| કલમ ૩૨–ક હેઠળનાં કેસ | | | | | | | |
| કલમ ૩૨–ખ/અપીલ/ કોર્ટમેટર ના કેસ | | | | | | | |
| કુલ | | | | | | | |

## એમ્નેસ્ટી સ્કીમ–૨૦૦૭ અન્વયે નિકાલ થયેલ કેસની વિગત દર્શાવતુ પત્રક–૨

(તા.૧/૪/૨૦૦૦ પછી ના)

(પખવાડિક અંતિત)તા.૧/૯/૦૭ થી તા.૧૫/૯/૦૭ સુધી

| કેસની વિગત | કેસની સંખ્યા | હુકમ મુજબની વસુલાતની કુલ રકમ | સ્કીમ હેઠળ વસુલાતની કુલ રકમ | વસુલ કરેલ નિયમ–૯ નો દંડ | વસુલ કરેલ ૫% સર્વિસ ચાર્જ ની રકમ | કુલ |
|---|---|---|---|---|---|---|
| કલમ ૩૨–ક હેઠળના કેસ | | | | | | |
| કલમ ૩૨–ખ/અપીલ/ કોર્ટમેટર ના કેસ | | | | | | |
| કુલ | | | | | | |

નાયબ કલેકટર
સ્ટેમ્પડયુટી મુલ્યાંકન તંત્ર,
જિ.................